સામાન્ય સભા ઠરાવ નં.૨૧, તા.૩૦/૦૪/૧૬

સરકારશ્રીના સક્ષમ વિભાગ જીયુડીસી, ગાંધીનગર ધ્વારા હિંમતનગર શહેરમાં ભુગર્ભ ગટરની કામગીરી ચાલુમાં છે. તેમજ કેટલીક જગ્યાએ પુર્ણ કરવામાં આવેલ છે. જે પુર્ણ કરવામાં આવેલ જાણ બાબતે અત્રેની કચેરીને લેખીત જાણ થયે અત્રેની કચેરી ધ્વારા ભુગર્ભ ગટરના કનેકશનો આપવા કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જે કરવામાં આવતી કાર્યવાહી દરમ્યાન અત્રેની કચેરી ધ્વારા નિયમાનુસાર ભુગર્ભ ગટરનો ચાર્જ મિલ્કત ધારક પાસે ભરાવી નિયમાનુસાર ભુગર્ભ ગટરનું જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જે પૈકી અત્રેની કચેરી ધ્વારા ફલેટ/ હાઈરાઈઝ બિલ્ડીગમાં કનેકશનો આપવા માટે હાલ ફલેટ/ હાઈરાઈજ બિલ્ડીગમાં આ પ્રકારના કનેકશનો કરવાના થતા હોય ત્યારે સદર બિલ્ડીગ/ ફલેટમાંથી નગરપાલિકાએ બનાવેલ આઈ.સી માં જેટલા કનેકશન કરવાના થતા હોય તેટલા ફોર્મ ભરાવી કનેકશન દીઠ ચાર્જ વસુલ લેવાનો થતો હોઈ તે મુજબ હાલ ફલેટ/ હાઈરાઈઝ બિલ્ડીગ સારૂ નગરપાલિકા ધ્વારા કનેકશન/મિલ્કત દિઠ ચાર્જ વસુલ લઈ ભુગર્ભ ગટરનું કનેકશન આપી ફલેટ/ બિલ્ડીગમાં જેટલી મિલ્કતો હોય તેટલી મિલકતો દીઠ ગટર વેરો આકારવાની કાર્યવાહી કરવામાં આવે છે. જે બાબતે અગાઉ થયેલ કનેકશન દીઠ ચાર્જના ઠરાવને ધ્યાને લેતાં ટેકનીકલ રીતે યોગ્ય ન હોઈ આ પ્રકારના ફલેટ/ હાઈરાઈઝ બિલ્ડીગના કનેકશનો આપવા સારૂ જરૂરી કનેકશન ચાર્જ ભરાવવા બાબતે ઉપસ્થિત થયેલ ઓફીસ રીપોર્ટ સભા સમક્ષ વંચાણે લેતાં પુખ્ત ચર્ચા વિચારણાને અંતે ફલેટ/ હાઈરાઈઝ બિલ્ડીગમાં ભુગર્ભ ગટરનું કનેકશન આપવા સારૂ નીચે મુજબની વિગતે ચાર્જ વસુલ લઈ કનેકશન કરવા તેમજ કનેકશન થયા બાદ સદર ફલેટ/ બિલ્ડીગમાં જેટલી મિલ્કતો હોય તે તમામ મિલ્કત માલિકશ્રીઓ પાસેથી નિયમાનુસાર ભુગર્ભ ગટરનો વેરો વસુલ લેવા કરવાની થતી તમામ કાર્યવાહી કરવા સર્વાનુંમતે ઠરાવવામાં આવે છે.

| અનું | વિગત | વસુલ લેવાના થતા કનેકશન ચાર્જીસ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૨૦ મકાનો ધરાવતો ફલેટ | ૨૦૦૦૦.૦૦ | |
| ૨ | ૧ થી ૫૦ મકાનો ધરાવતો ફલેટ | ૫૦૦૦૦.૦૦ | |
| ૩ | ૧ થી ૧૦૦ મકાનો ધરાવતો ફલેટ | ૧૦૦૦૦૦.૦૦ | |
| ૪ | ૧૦૦ થી વધુ મકાનો ધરાવતો ફલેટ | ૧૫૦૦૦૦.૦૦ | |

પ્રમુખ
હિંમતનગર નગરપાલિકા

કારોબારી સમિતિ ઠરાવ નં.૬૮, તા.૩૧/૦૩/૧૬.

હિંમતનગર નગરપાલિકાના ગટર વિભાગ ધ્વારા ભુગર્ભ ગટરના હાઉસ કનેકશનોનું જોડાણ આપવા માટે નગરપાલિકા ધ્વારા મિલ્કત ધારક પાસેથી સામાન્ય સભા ઠરાવ નં.૧૮ તા.૩૦/૦૪/૦૭ થી ઠરાવ્યા અનુસાર રહેણાંક હેતું નવિન ગટર કનેકશન ચાર્જ માટે રૂા.૧૦૦૦/– તથા બીન રહેણાંક હેતું માટે રૂા.૨૦૦૦/– વસુલ લેવા ઠરાવવામાં આવેલ છે. જ્યારે ગટર કનેકશન જોડાણ માટે કા.સ.ઠ.નં.૬૭૫ તા.૧૬/૧૦/૦૧ થી રૂા.૫૦/– અને વહીવટરદાર સાહેબશ્રીના ઠરાવ નં.૨૧૬ તા.૨૩/૦૬/૦૫ થી સુપરવીઝન ચાર્જ રૂા.૫૦/– લેવા ઠરાવવામાં આવેલ છે. જે તમામ અગાઉના નિયત થયેલ ચાર્જીસ પૈકી અરજીફોર્મ, એસ્ટીમેટ તેમજ સુપરવિજન ચાર્જીસના નિયત થયેલ દર ઘણા જુના હોવાને કારણે ચાર્જીસની રકમમાં સુધારો કરી કારોબારી સમિતિ ઠરાવ નં. ૪૪, તા.૨૧/૧૦/૧૩ થી નીચે મુજબની વિગતે ચાર્જીસમાં સુધારો કરી વસુલ લેવા ઠરાવવામાં આવેલ છે.

| અનું | વિગત | કા.સ.ઠ.નં. ૪૪, તા.૨૧/૧૦/૧૩ થી નકકી કરેલ ચાર્જીસ |
|---|---|---|
| ૧ | ગટર જોડાણ માટેનું અરજી ફોર્મ | ૧૦.૦૦ |
| ૨ | ગટર જોડાણ માટેની એસ્ટીમેન્ટની રકમ | ૧૦૦.૦૦ |
| ૩ | ગટર જોડાણ માટેનો સુપરવીઝન ચાર્જ | ૧૦૦.૦૦ |
| ૪ | રહેણાંક હેતુ માટે ગટર કનેકશન ચાર્જ | ૧૦૦૦.૦૦ |
| ૫ | બીન રહેણાંક હેતુ માટેનો ગટર કનેકશન ચાર્જ | ૨૦૦૦.૦૦ |

સદર બાબતે જણાવવાનું કે કા.સ.ઠ.નં. ૪૪, તા.૨૧/૧૦/૧૩ થી ગટર કનેકશન મેળવવા માટે જે ચાર્જીસ વસુલ લેવા ઠરાવવામાં આવેલ છે તે ચાર્જીસમાં વધારો કરવા બાબતનો ઉપસ્થિત થયેલ ઓફીસ રીપોર્ટ સભા સમક્ષ વંચાણે લેતાં હોસ્પીટલ/ હોટલ માટે નીચે મુજબની વિગતે નવિન ભુગર્ભ ગટર કનેકશન લેવા સારૂ નીચે મુજબની વિગતે ચાર્જીસ લઈ કનેકશન આપવા બાબતનો ઉપસ્થિત થયેલ ઓફીસ રીપોર્ટ સભા સમક્ષ વંચાણે લેતાં નીચે મુજબની વિગતે હોસ્પીટલ તેમજ હોટલમાં ચાર્જીસ લઈ ભુગર્ભ ગટરનું કનેકશન આપવા સર્વાનુંમતે ઠરાવવામાં આવે છે.

| અનું | વિગત | સુચિત લેવાના થતા ચાર્જીસ |
|---|---|---|
| ૧ | ૫ (પાંચ) બેડ સુધીની સગવડ ધરાવતી હોસ્પીટલ, હોટલ માટે ગટર કનેકશન ચાર્જ | ૫૦૦૦.૦૦ |
| ૨ | ૫ (પાંચ) બેડ થી વધુની સગવડ ધરાવતી હોસ્પીટલ, હોટલ માટે ગટર કનેકશન ચાર્જ | ૧૦૦૦૦.૦૦ |

ચેરમેન
કારોબારી સમિતિ
હિંમતનગર નગરપાલિકા

O/C ૧,

નગરપાલિકા હિંમતનગર હાલ ૧૯૯૩થી નિયમો બનાવી ૧૯૯૪–૯૫થી એકત્રિતકર તથા ખાસ પાણી
ઉઘરાવે છે.

નામ. ગુજરાત સરકારે સમગ્ર ગુજરાતમાં મિલ્કતોની એરીયાબેઝ આકારણી કરવા નિર્ણય લિધેલ હોઈ
યા તેની આકારણી પ્રાઈવેટ એજન્સીને સોપી માપણીની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. તે મુજબ મિલ્કત વેરાનો ટેક્ષ
લગથી લેવાનો થાય છે, જેથી હાલમાં લેવામાં આવતો એકત્રિત કર અલગ અલગ હેડેથી લેવાનો થાય તે પ્રમાણે
લ્કતવેરા (એરીયા બેઈઝ ફોર્મ્યુલા મુજબ) સામાન્ય પાણીવેરો, સામાન્ય દિવાબત્તી વેરો, તથા સામાન્ય સફાઈ
રો ઉપર અલગ હેડે કર લેવાનો થતો હોઈ નગરપાલિકા નિયમ કલમ ૧૦૩ મુજબ કર માળખામાં ફેરફાર થતો
હોઈ નિયમોમાં સુધારો કરી નીચે મુજબ કર માળખાની દરખાસ્ત કરેલ છે.

| અ.નં. | વેરાની વિગત | સૂચિત વાર્ષિક ટેક્ષ |
|---|---|---|
| ૧ | મિલ્કતવેરો | એરીયા બેઈઝ મુજબ |
| ૨ | સામાન્ય સફાઈ વેરો | રૂા. ૧૫૦/– |
| ૩ | સામાન્ય દિવાબત્તી વેરો | રૂા. ૧૫૦/– |
| ૪ | સામાન્ય પાણીવેરો | રૂા. ૧૫૦/– |

**<u>ડ્રેનેજ ટેક્ષ પત્રક</u>**

| અ.નં. | ગટર કનેકશન માટે | સૂચિત ગટર ટેક્ષ |
|---|---|---|
| ૧ | રહેણાંક વપરાશ | રૂા. ૫૦૦/– |
| ૨ | બિનરહેણાંક વપરાશ (દુકાન) | રૂા. ૭૦૦/– |
| ૩ | (અ) ઔધોગિક વપરાશ, હોસ્પિટલ, લોજ, હોટલ, ગેસ્ટ હાઉસ, મીલ, બોડીગ, સાદા થીયેટરર્સ, મલ્ટીપ્લેક્ષ થીયેટરર્સ, રેસ્ટોરંટ વિગેરે. | રૂા. ૪૦૦૦/– |
| | (બ) સર્વિસ સ્ટેશન, પેટ્રોલ પંપ, સ્વીટમાર્ટ, વર્કશોપ, દાલબાટી, તબેલા, ધર્મશાળા, ધાર્મિક સંસ્થાઓ, શોપીગ સેન્ટર, વાડી, હોલ, પાર્ટી પ્લોટ, દૂધ ડેરી વિગેરે. | રૂા. ૩૦૦૦/– |
| | (ક) ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, આઈસ ફેકટરી, વિગેરે. | રૂા. ૪૦૦૦/– |
| ૪ | રેલ્વે સત્તાવાળા, એલ.આઈ.સી., પોસ્ટ ઓફીસ, સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, સરકારી બોર્ડ નિગમો, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, ટેલીફોન, સરકારી કવાટર્સ તેમજ અન્ય ઓફિસો, કવાટર્સો. | રૂા. ૨૦૦૦/– |
| ૫ | એસ.ટી. ટોયલેટ | રૂા. ૧૦૦૦૦/– |

ઉપરોકત કર માળખાની ઓફિસ રીપોર્ટ સભા સમક્ષ વંચાણે લેવામાં આવ્યો, ચર્ચા વિચારણાના અંતે સદર કર માળખાની દરખાસ્ત તૈયાર કરી નિયમોમાં સુધારો કરી ના.સરકારશ્રીની મંજુરી મેળવવા સર્વાનુમતે ઠરાવવા માં આવે છે.

ખરી નકલ

સહી- જગદીશ ક્ષ્યોમ-સોલંકી
પ્રમુખ
હિંમતનગર નગર પાલિકા

ખરી નકલ
ખાતાના વડા
સામાન્ય વહીવટ વિભાગ
હિંમતનગર નગરપાલિકા

ચીફ ઓફીસર
હિંમતનગર નગરપાલિકા

Scanned with OKEN Scanner